“મહારાષ્ટ્ર રાજ્યના ભીવંડી શહેર પોલીસ સ્ટેશનના ગુનાના કામે ચોરીમાં ગયેલ ગ્રે કાપડના  તાકા નંગ- ૬૯૨ મોબાઇલ સહિત કુલ્લે રૂ.૧૬,૩૩૨૪૦/- નો મુદામાલ ઝડપી પાડતી સુરત શહેર. પી.સી.બી.ટીમ”

ગઇકાલ તા.૨૪/૭/૨૦૧૮ના રોજ પી.સી.બી શાખાની ટીમ દ્વારા સુરત શહેર. વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પી.સી.બી. ના અ.હે.કો. ઇમ્તીયાઝ ફારૂક મોહંમદનાઓને મળેલ બાતમી આધારે “અમરોલી સાયણ રોડ, ૯૯, શોપીંગ, દુકાન નં. જી/૧૬, માહી એન્ટરપ્રાઇઝ નામની દુકાનમાં રાહુલભાઇ ઘનશ્યામભાઇ નાડોદા તથા રાહુલભાઇ વશરામભાઇ જોગરાણાનાઓ ચોરીના ગ્રે કાપડ વેચવાની ફીરાકમાં છે. અને ચોરીનો ગ્રે કાપડનો જથ્થો દુકાન નં. જી/૧૬, માહી એન્ટરપ્રાઇઝ નામની દુકાનમાં રાખેલ છે. જે બાતમી આધારે રેડ કેરી આરોપીઓ તહો.(૧) રાહુલભાઇ ઘનશ્યામભાઇ નાડોદા ઉ.વ-૨૮ રહે. ડી/૩૦૪, સંકલ્પ રેસીડેન્સી સાયણ રોડ, અમરોલી, સુરત. મુળ ચીતલ ગામ- તા-અમરેલી જી-અમરેલી (૨) રાહુલભાઇ વશરામભાઇ જોગરાણા ઉ.વ.૨૩ રહે-૩૩૪, નંદનવન સોસાયટી, બાપા સીતારામ ચોક, કતારગામ, સુરત મુળ, માલપરા ગામ તા-ગઢડા જી- બોટાડનાઓને ચોરીના ગ્રે કાપડના તાકા કુલ્લે ૬૯૨ નંગ કિ.આશરે કિ.રૂ.૧૬,૨૨,૭૪૦/- તથા પકડાયેલ બન્ને ઇસમોની અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ ૦૨ કિ.રૂ.આશરે ૧૦,૫૦૦/- મળી કુલ્લે ૧૬,૩૩,૨૪૦/- ની મતામા મુદ્દામાલ સાથે પક્ડી પાડી તેઓની પુછ-પરછ કરતા આજથી ચારેક દિવસ પહેલા બન્ને આરોપીના ઓળખીતા કિલ્લા નામનો ઇસમ રહે.રાજકોટનાઓ આપી ગયેલ હોવાનુ જણાવેલ છે. જે આધારે મહારાષ્ટ્ર  રાજ્યના થાણે જીલ્લાના ભીવંડી શહેર પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૨૩૩/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૪૦૬ મુજબનો ગુનો ડીટેકટ કરી તેઓની વિરૂધ્ધમાં કાયેદસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.